# ભરત કવિ 'ઊર્મિલ' : મળતાવડા, મળવા જેવા ને મળતા માણસ

### મારી કેફિયત

પોરબંદરમાં શાળાકીય-કૉલેજના અભ્યાસકાળ દરમિયાન પ્રસંગોપાત કાવ્યો લખવાની સ્ફૂરણા થતી રહી હતી પરંતુ સને ૨૦૦૧માં ૩૧ વર્ષ સુધી દેના બેન્કમાં ફરજ બજાવ્યા પછી લીધેલી સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ સમયની મોકળાશ થતાં મેં મારી સાહિત્યિક સર્જન અને પ્રકાશનની પ્રવૃત્તિઓનો શુભારંભ કર્યો...

અને તે અંતર્ગત તા. ૫-૯-૨૦૦૨ના રોજ મારી સાહિત્યિક રસ-રૂચિને પોષવા માટે ગાંધીનગરથી 'પાટનગર પ્રકાશ' નામક એક સાપ્તાહિકનું પ્રકાશન શરૂ કર્યું. મારા આ સાપ્તાહિકમાં મારો ઝોક અને લગાવ માત્ર ને માત્ર સાહિત્ય પ્રત્યે જ રહ્યો છે. સાપ્તાહિકના માધ્યમથી પૈસા પાછળની દોટને પ્રાધાન્ય આપવા બાબતે હું હંમેશાં અળગો જ રહ્યો છું. મારા આ સાપ્તાહિકને દોઢ દાયકા ઉપર થવા છતાંય પ્રારંભથી લઈને આજ લગી તેમાં અપવાદરૂપેય કોઈપણ પ્રકારના ગુનાહિત સમાચારોને સ્થાન આપ્યું નથી, એનો મને સંપૂર્ણ સંતોષ છે. આ અખબાર કેવળ નગરની અને રાજ્યની સામાજિક, સેવાકીય, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને જ ઉજાગર કરતું આવ્યું છે.

'પાટનગર પ્રકાશ'માં વર્ષ ૨૦૦૨થી ૨૦૧૨ સુધીના સમયગાળામાં લોકવાર્તા, લોકસાહિત્યના તેમજ ચારણી સાહિત્યનાં પુસ્તકોનાં અવલોકન-વિવેચન, સંશોધન લેખો તેમજ લોકસાહિત્યકાર-કલાકારના ચરિત્ર લેખો 'સરવાણી શબદની' કૉલમ અંતર્ગત વિવિધ લેખકો દ્વારા પ્રસિદ્ધ થયા છે, તેનું ચયન કરીને તેને ગ્રંથસ્થ કરવાનું ગુજરાતના વિખ્યાત લેખક અને મારા શુભચિંતક આદરણીય દોલત ભટ્ટ અને એવા જ જાણીતા વાર્તાકાર-કવિ તેમજ મારા આત્મીય સ્વજન પ્રવીણ ગઢવી દ્વારા સુંદર સૂચન થયું એટલું જ નહિ, પરંતુ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા સહાય પણ મળી રહેવાનું પ્રોત્સાહન મળતાં આ પુસ્તક 'સરવાણી શબદની'ના સ્વરૂપે પ્રકટ કરવાની મારી લાગણીને બળ મળ્યું તેનો મને અત્યંત આનંદ છે. પુસ્તક પ્રસિદ્ધ થવાનું તો નિશ્ચિત થઈ ગયું પણ એના મૂલ્યાંકન માટેય કોઈ જાણતલ, અભ્યાસુ, મર્મજ્ઞ એવા પ્રસ્તાવનાકાર પણ જોઈએને ?

મારી આ મૂંઝવણ પણ મારા સાહિત્યિક, પ્રવૃત્તિના પ્રેરક, પોષક અને માર્ગદર્શક એવા મારા સહૃદયી દિલોજાન દોસ્ત પ્રવીણ ગઢવીએ જ દૂર કરી દીધી. તેઓની ભલામણના કારણે જ લોકસાહિત્યના પ્રખર અભ્યાસુ, સર્જક-સાહિત્યકાર અને મહેસાણાની કૉલેજના વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. રાજેશ મકવાણાએ 'સરવાણી શબદની'ને સ્નેહાદરપૂર્વક, લાગણીપૂર્વક પોંખીને તેની સુંદર પ્રસ્તાવના પણ લખી આપી તે માટે હું સદાય તેમનું ઓશીંગણ બની રહીશ. આ પુસ્તકનું પ્રૂફ રીડિંગ કવિ રમણ વાઘેલાએ મિત્રભાવે કરી આપ્યું છે તે બદલ તેમનોય ઋણી છું. આ પુસ્તકનું ટાઈપિંગ-ડિઝાઈનીંગ પણ મારા પરમસ્નેહી સાહિત્યપ્રેમી, કલાકાર, પત્રકાર મિત્ર કુંતલ નિમાવતે રસપૂર્વક કરી આપ્યું છે, તેમનોય હું અત્યંત આભારી છું. 'સરવાણી શબદની'નું સુંદર, સુઘડ મુદ્રણ કરી આપનારા કેપિટલ ઑફસેટના મારા સ્નેહાળ, દરિયાવદિલ દોસ્ત રમેશભાઈ પટેલનેય આ તકે કેમ ભૂલાય ?

'સરવાણી શબદની'ના તમામ આદરપાત્ર લેખકો તેમજ મારા પરિવારજનોને પણ આ તકે શેં ભૂલાય ? મારું આ સંપાદન લોકસાહિત્ય-ચારણીસાહિત્યના ભાવકો-પ્રેમીઓ માટે અત્યંત આનંદ આપનારું તેમજ ઉપકારક બની રહે એ જ અભ્યર્થના.

**- ભરત કવિ**

## જીવનભર એ 'લોકોના પોતાના માણસ' બનીને રહ્યા : સદંતર આંબા જ વાવ્યા ને ઉછેર્યા પણ ખરા



ઘણા માણસો મળવા જેવા માણસ હોય છે ને ઘણા માણસો મળતા હોય છે; ભરત કવિ બંને હતા. મળવા જેવા માણસ પણ ખરા અને સતત સૌને મળતા માણસ પણ ખરા. એમના પરિચયમાં રહેલા હરકોઈ સાથે એ સતત સંપર્કમાં રહ્યા છે, કહો કે સૌને એમણે સંપર્કમાં રાખ્યા છે; ભલે પછી એ પરિચિત ગાંધીનગરમાં હોય કે ગાંધીનગર બહાર.

ગાંધીનગરને એમની સાથે એ નિસબત કે એ ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને સેવાભાવી નાગરિક. અને ગાંધીનગર સમાચારને એમની સાથે એ નિસબત કે ગાંધીનગર સમાચાર અખબારના પ્રથમ અંકમાં એમની કવિતા પ્રકાશિત થઈ હતી. તેઓ ગાંધીનગર સમાચારના નિયમિત અને વફાદાર વાચક હતા. વફાદાર એ અર્થમાં કે કોઈ સમાચારમાં કે ભાષાકીય રીતે પણ ભૂલ થઈ હોય તો તરત ફોન કરીને ટકોર કરતા.

સ્પષ્ટવક્તા વ્યક્તિ અને નીડર પત્રકાર તરીકે એમની છાપ મારા મનમાં છે. ભાષા ઉપર એમનો કાબૂ પણ ખરો. ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષાના ન માત્ર સારા જાણકાર પરંતુ લખાણમાં ક્યાંક ભૂલ જુએ તો ચલાવી ન લે, સુધારીને જ જંપે. કોઈ વિશેષ ઘટના બને, વ્યક્તિવિશેષનું અવસાન થાય કે મોટો દિવસ આવે, અખબારમાં પ્રકાશિત કરવા માટે એમની કવિતા અચૂક આવી જ જાય. આ કવિતા પ્રકાશિત ન થાય ત્યાં સુધી સતત યાદ કરાવે ને એકાદ શબ્દનીય ક્ષતિ રહી ગઈ હોય તોય હસતાં-હસતાં પણ ટકોર તો કરી જ દે એવા ભાષાની ખરાઈ માટે એ આગ્રહવાળા. એવી જ ચીવટ પોતાના 'પાટનગર પ્રકાશ' અખબાર માટે. નિયમિત અખબાર પ્રગટ કરે. નાદુરસ્ત તબિયત હોય તોય જાતે આવીને એક નજર અખબાર જોઈ લે અને સમયસર પ્રકાશન માટે મોકલે. અખબારનું પ્રકાશન ગુરુવારનું, ગુરુવાર તા. ૧૯ના રોજ ૧૮મા વર્ષનો ૧૯મો અંક પ્રકાશિત થવાનો હતો અને એ ઍક્ઝિટ કરી ગયા. આ અખબારના દિવાળી વિશેષાંકની પણ ઉમદા શાખ.

આત્મન ફાઉન્ડેશન, પાટનગર પ્રકાશ અને એમનાં પુસ્તકોના ઉપક્રમે એમની સાથે સાતેક વર્ષ વિતાવ્યાં અને એક સંવેદનાસભર વ્યક્તિ તરીકે એમને ઓળખ્યા. કોઈ સેવા પ્રવૃત્તિમાં સંગાથે આવે તોય ખિસ્સામાં હાથ નાખીને જે રકમ હાથ આવે તે દાન ધરી દે. 'હું તમારા કરતાં મોટો છું, મારાથી ખાલી હાથ ન જવાય' એ એમનો સ્નેહાગ્રહ આજીવન અખંડ રહ્યો. સૌને એ આપતા જ રહ્યા.

જીવનભર એ 'લોકોના પોતાના માણસ' બનીને રહ્યા. દેના બૅન્કમાં નોકરી કરતા ત્યારેય સંબંધો બનાવ્યા ને આજીવન જાળવ્યા, મોટા અધિકારીઓથી માંડીને નાના વર્ગના કર્મચારીઓમાં પણ એ સરખા પ્રિય ને જાણીતા. બેન્કમાં ફરજરત હતા ત્યારે તેના કર્મચારી મંડળમાં અને એ પછી નિવૃત્ત અધિકારી મંડળમાં પણ તેમણે પોતાની સક્રિય ભૂમિકા ભજવી છે.

પોતે ગઢવી સજ્જન હોવાને નાતે ચારણ-ગઢવી સમાજ માટે એમને વિશેષ લગાવ. સમગ્ર ગુજરાતમાં ક્યાંય પણ ચારણ-ગઢવી સમાજની પ્રેરણાદાયી પ્રવૃત્તિ થાય, સામાજિક ઉપક્રમ યોજાય કે સેવા પ્રવૃત્તિ થાય, સમાજની કોઈ વ્યક્તિ અભ્યાસમાં કે વ્યવસાયમાં સફળતા મેળવે તો જાતે ફોન કરીને પહેલાં અભિનંદન પાઠવે, પછી વિગતો મગાવે અને પાટનગર પ્રકાશમાં પ્રકાશિત કરે જ. આવા કાર્યક્રમોમાં, ઉપક્રમોમાં હાજર રહેવાનું એમને આમંત્રણ મળ્યું હોય તો અવશ્ય જાય પણ ખરા ને સહાય પણ કરે.

ગાંધીનગરમાં પણ ભાગ્યે જ એવો કોઈ કાર્યક્રમ હશે, જેમાં ઉપસ્થિત રહેવા માટે એમને આમંત્રણ મળ્યું હોય અને એ ન ગયા હોય. શારીરિક તકલીફને તો એમણે અવગણી જ નહીં, છેલ્લાં બે વર્ષોમાં અનેક શારીરિક તકલીફો ભોગવી, પણ એમનીય ઉપરવટ જઈને એ કાર્યક્રમોમાં ગયા જ, લોકોના સારા-નરસા પ્રસંગે સાથે રહ્યા જ અને હસતા મોઢે, સ્વાભાવિકપણે એમણે આ બધું જ કર્યું. શારીરિક બીમારીને ને એનાથી થતી તકલીફોને એમણે હિંમતથી માત આપી હતી.

સમાજસંવેદી એવા કે ૧૨૦ વખત રક્તદાન કર્યું હતું. હૃદયરોગના ત્રણ હુમલા આવી ગયા પછી તબીબોએ મનાઈ ફરમાવી હતી, જેને અવગણીને એમણે રક્તદાન ચાલુ જ રાખ્યું હતું. 'આમાં આપણું ક્યાં કાંઈ જાય છે ? ને તોય કોઈનો ફાયદો તો થાય છે !' એ રક્તદાન માટેનો એમનો દૃષ્ટિકોણ.

ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ તરીકે તેમણે નોંધપાત્ર સેવાઓ બજાવી હતી. પોતાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન 'શબ્દોત્સવ' નામનું પુસ્તક પ્રકાશિત કરાવ્યું હતું, જેમાં માત્ર ગાંધીનગરના સાહિત્યકારોની જ રચનાઓનો સમાવેશ કરાયો હતો. સાહિત્યસભાના ઈતિહાસમાં આ પ્રકારનો આ પહેલો પ્રયોગ હતો.

ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદના તેઓ પ્રમુખ. પોતાની શારીરિક મર્યાદાઓને કારણે આ પદ છોડવાનો પ્રસ્તાવ તેમણે સામાન્ય સભામાં જાહેર કર્યો હતો, પણ એમના સંચાલનની અને એમના વ્યક્તિત્વની છાપ સૌનાં મનમાં એવી ઘેરી કે સૌ સભ્યોએ એક જ અવાજે એનો વિરોધ કર્યો હતો, એમને પ્રમુખપદ જાળવી રાખવા માટે રીતસર હઠાગ્રહ કર્યો હતો, જેના પરિણામે નામરજી હોવા છતાં એમને પ્રમુખપદે ચાલુ રહેવાની ફરજ પડી હતી.

એ જ રીતે તેઓ આત્મન ફાઉન્ડેશનના પ્રમુખપદે પણ રહ્યા હતા અને એ પછી પણ આજીવન આત્મ ફાઉન્ડેશન સાથે જોડાયેલા રહ્યા હતા. ચારણ ગઢવી સમાજ અને ગાંધીનગર સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ તરીકે પણ તેમણે ઉલ્લેખનીય સેવાઓ બજાવી હતી અને અંતિમ શ્વાસ સુધી આ સંસ્થાઓ સાથે નિસબત જાળવી રાખ્યો હતો.

સરવાળે સઘળે નકરા સંબંધો જ વિકસાવ્યા, જાળવી બતાવ્યા ને ગાંધીનગરના પત્રકારત્વ-સેવા જગતમાંય એમની એ જ પ્રવૃત્તિ. આ માણસે સદંતર આંબા જ વાવ્યા છે અને જતનથી ઉછેર્યા પણ છે એવું મેં નજીકથી જોયું છે.

સાહિત્યજગતમાં એમનું નામ ગુંજી રહ્યું છે. માત્ર અટકથી જ નહીં, દિલથી પણ એ કવિ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓએ એમનાં સર્જનને સાંકળીને ઍમફિલના થિસિસ પણ તૈયાર કર્યા છે. અને ગૂજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગના એક વિદ્યાર્થી હાલ ઍમફિલનો અભ્યાસ કરી રહ્યા છે, જેમના દ્વારા તૈયાર થઈ રહેલા થિસીસમાં પણ ભરત કવિનો ઈન્ટર્વ્યૂ સમાવિષ્ટ છે.

અને હા, બે ગુજરાતી ફિલ્મોમાં ને ગાંધીનગરના ઈતિહાસના યાદગાર મહાનાટક 'જય જય ગરવી ગુજરાત'માં ઝવેરચંદ મેઘાણીના પાત્ર માટે એમણે પોતાનો અભિનય આપ્યો છે એય કેમ ભુલાય ?

'જીવ છે ત્યાં સુધી કામ કરીશ' એ એમનો જીવનમંત્ર હતો, જે એમણે આખર સુધી જાળવી રાખ્યો. જીવનના અંતિમ દિવસે પણ 'પાટનગર પ્રકાશ' અખબારના પ્રકાશન માટે જવા એ વેળાસર જાગ્યા હતા, અલબત્ત પહોંચી ના શક્યા.

ત્રણેક વર્ષ પહેલાં આંખની સર્જરી કરાવી હતી ને એક આંખની દૃષ્ટિ માત્ર પચીસ ટકા જ રહી હતી. બીજી આંખમાંય ૭૫ ટકા દૃષ્ટિ રહી હતી. આમ બેય આંખો મળીને ૧૦૦ ટકા દૃષ્ટિ રહી હતી અને બે આંખોના પ્રમાણમાં કહીએ તો કુલ ૫૦ ટકા જ દૃષ્ટિ રહી હતી, તેમ છતાં એમણે હાર નહોતી માની. જાતે જ સ્કૂટર ચલાવીને કાર્યક્રમોમાં જવાનું ને યુવાન, સક્ષમ દીકરાઓ માથે બોજ નહીં બનવાનું એમણે ચાલુ રાખ્યું હતું.


છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી શારીરિક તકલીફ વધી હતી, જેના કારણે એ વધુ સમય બેસી પણ નહોતા શકતા. આ બીમારીએ બહારગામની મુસાફરી ઓછી કરાવી, બંધ તો નહીં જ. અને ગાંધીનગરના કાર્યક્રમો તો ચાલુ જ રાખ્યા. પત્ની, દીકરા અને પુત્રવધૂઓ એવો હઠાગ્રહ પણ કરે કે 'હવે આ ઉંમરે શું કામ દોડાદોડ કરો છો ? હવે તો ઉંમર થઈ, હવે તો આરામ કરો.' પણ એ માને નહીં. હસીને સહુની વાત ઉડાવી દે ને જવું હોય ત્યાં જાય જ. પરિવારજનો પણ એમના સ્નેહથી ને સ્વભાવથી ભીંજાયેલા તે તેમને રોકી પણ ન શકે. પોતેય એટલા પરિવારપરસ્ત. પૌત્રની બીમારી મટે એ સારુ વર્ષો સુધી ઘી નહીં ખાવાની બાધા રાખી હતી અને અખંડપણે જાળવી પણ હતી. પૌત્રની તકલીફ દૂર થતાં બાધા પૂરી કરી ત્યારે આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં.

ગાંધીનગર આખુંય જેમને સમાન રીતે જાણતું હોય ને જેમણે પોતે સહુને સમાન રીતે જોયા હોય એવા સહૃદયી સજ્જન એટલે ભરત કવિ. હૃદયથી શ્રદ્ધાંજલી.

**- કુંતલ નિમાવત**

### બે અધૂરાં સ્વપ્ન...


પાટનગર પ્રકાશ સાપ્તાહિકમાં વર્ષ ૨૦૦૨થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન પ્રકાશિત થયેલા લોકસાહિત્ય-ચારણી સાહિત્યના લેખોનો સંગ્રહ 'સરવાણી શબદની' પુસ્તક નામે પ્રકાશિત થયો. આ પુસ્તકનો બીજો ભાગ પ્રકાશિત કરવાનું તેમનું સ્વપ્ન અધૂરું રહી ગયું. આ માટેની કામગીરીનો તેમણે આરંભ પણ કર્યો હતો, પણ કામગીરીનો હજુ પહેલો જ તબક્કો પૂર્ણતાને આરે હતો ને એમણે અણધારી વિદાય લઈ લીધી.




પૂ. મોરારિબાપુમાં એમને અતૂટ શ્રદ્ધા. બાપુની કથા પછી નિયમિત એ કથાસારનું મૅગેઝિન પ્રકાશિત થાય, જે તેઓ નિયમિત મગાવતા. કથા દરમિયાન બાપુ દ્વારા બોલાયેલાં સુવાક્યોનું સંકલન કરીને એક પુસ્તક તૈયાર કરવાનું પણ તેમનું સ્વપ્ન હતું, જે પણ અધૂરું રહી ગયું.

### છેલ્લું પુસ્તક...

કોઈ વ્યક્તિવિશેષ, સ્નેહીનું અવસાન થાય કે કોઈ દિલ દહેલાવનારી દુર્ઘટના બને ત્યારે ભરતભાઈનું દિલ દ્રવી ઉઠતું અને લાગણીનો પ્રવાહ શબ્દરૂપે વહી નીકળતો, એમાંથી કવિતા રચાતી. 'દિલ્હીની દુહિતા' વિશે કે ગાંધીજી ને ચીનુ મોદીની વિદાય અંગેની કવિતાઓ પણ એમણે રચી છે. ગાંધીનગર સમાચાર ઉપરાંત અગ્રણી અખબારો અને સામયિકોમાં આ કવિતાઓ પ્રગટ થઈ છે.આ સઘળી કવિતાઓનો સંચય કરીને તેમણે પુસ્તક પ્રકાશિત કર્યું હતું, જેનું શિર્ષક 'વ્હાલાનો વિજોગ' તેમણે જ આપ્યું હતું. સંજોગો એવા બન્યા કે આ જ પુસ્તક એમનું છેલ્લુ પુસ્તક બની ગયું. પોતાના વ્હાલાઓને વિજોગમાં મૂકીને તેઓ લાંબી સફરે પ્રયાણ કરી ગયા.




## એવું વ્યક્તિત્વ જેમણે છેલ્લા શ્વાસ સુધી જિંદગીને માણી : ભરતભાઈ સાચા આર્થમાં 'ઊર્મિલ' હતા

શ્રી ભરત કવિએ નિવૃત્ત થયા પછી 'પાટનગર પ્રકાશ' નામનું અઠવાડિક શરૂ કર્યું. આ અઠવાડિકના પ્રથમ અંકના પ્રકાશન-સમારોહમાં મંચ પર અને સભાગૃહમાં જે હાજરી હતી તે જોતાં આ કવિનો લોકસંપર્ક કેટલો તો વ્યાપક છે તેનો અંદાજ કોઈને પણ આવી શકે... તેમનો એકંદર મિજાજ પણ ગઝલ-કવિનો. પણ વિશેષ નોંધપાત્ર બાબત એ કે એક સામાજિક અને માનવીય નિસબત એ ભરત કવિનો સ્થાયી ભાવ છે.

ગઝલનું ડોળિયું જ ખપમાં લીધું હોય પણ ભાવજગત અને ભાષાપોત ગીતનાં હોય તો કવિ તેનાથી અજ્ઞ જણાતા નથી એવું તેમની ગઝલો વાંચીને મેં અનુભવ્યું છે. એક ભાવનાશીલ, સમાજપરસ્ત અને કર્મશીલ માણસનો એમનામાં સુભગ સમન્વય થયેલો મેં જોયો છે.

**- હરિકૃષ્ણ પાઠક**

ભરત કવિ ભાંગ્યાનો ભેરૂ હતો. એમનું સમગ્ર જીવન સમાજને સમર્પિત રહ્યું. રક્તદાન અને આત્મન ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓના માધ્યમથી સેવાની જ્યોત એમણે જલતી રાખી છે.

મારો તો એ આધાર હતા. નિરંતર ખેવના રાખી મને એમણે ઋણી રાખ્યો છે.

**- દોલત ભટ્ટ**

ભરત કવિ એ મારા નજીકના મિત્ર, સ્નેહી એટલે હું જાણું છું કે એમની સાહિત્યિક નિષ્ઠા 'ભરત' જેવી હતી. એમના અખબાર 'પાટનગર પ્રકાશ'માં મારી કોઈ કૃતિ લેવાની હોય તો ભરત જેવી ભક્તિથી સંપર્ક કર્યા કરે. ગાંધીનગરમાં સાહિત્યિક ક્ષેત્ર ધબકતું રહે, એમાં સતત કંઈક ને કંઈક પ્રવૃત્તિ ચાલુ રહે એવો એમને રસ અને એ માટે એ સતત મથતા રહ્યા. એમના જવાથી ગાંધીનગના સાહિત્ય-સેવાજગતને મોટી ખોટ પડી છે અને અંગત રીતે કહું તો મેં એક વડીલ મિત્ર ગુમાવ્યાનું ખૂબ દુખ છે.

**- ભાગ્યેશ જહા**

ભરત કવિ એટલે એવું વ્યક્તિત્વ જેમણે છેલ્લા શ્વાસ સુધી જિંદગીને માણી. તાજેતરમાં જૂનાગઢ ખાતે કવિ દાદનો સન્માન સમારોહ યોજાયો હતો, એમાં એ ઉપસ્થિત રહ્યા. એ પછી પૂ. મોરારિબાપુની કથા ઉત્તર કાશી ખાતે યોજાઈ હતી, જેમાં એમને ઉપસ્થિત રહેવા આમંત્રણ મળ્યું હતું ને એ ઉપસ્થિત રહ્યા પણ ખરા. એમની અચાનક વિદાયના સમાચારથી મોટો આંચકો લાગ્યો, પણ ઈશ્વરને ગમ્યું તે ખરું.

જે પોતાને ગમતી પ્રવૃત્તિ કરી શકે એ માણસને હું ભાગ્યશાળી ગણું છું; ભરતભાઈ એ કરી શક્યા છે એટલે એ અર્થમાં હું એમને ભાગ્યશાળી માણસ ગણું છું.

**- વસંત ગઢવી**

શ્રી ભરતભાઈ કવિ આપણી વચ્ચે નથી એ વાત મનને કબૂલ થતી નથી. ભરતભાઈનું વ્યક્તિત્વ ખૂબ જ ઠરેલ, આત્મીય અને સૌજન્યશીલ હતું. માણસ તરીકે એમને સતત મળ્યા કરવાનું મન થાય એવા હૃદયસ્થ વ્યક્તિ હતા. આવા મળવા જેવા માણસો દુર્લભ હોય છે. કવિ તરીકે-લેખક તરીકે તેઓ આપણે માટે જાણીતા હતા-માનીતા હતા.

એમનો શબ્દ કર્મશીલ, સર્જનાત્મક અને ચારણી શૈલીની એક અલગ છાપવાળો હતો. 'ઊર્મિલ' ઊભરાતી છલકાતી ઊર્મિઓના અને એને સંયમપૂર્વક શબ્દરૂપે અભિવ્યક્ત કરનારા કવિ હતા.

આપણે આજે એક મળવા જેવા માણસ અને માણવા જેવા કવિ ગુમાવ્યા છે. મહિના પહેલાં જ ઉત્તર કાશીની રામકથામાં તેમની સાથે અને અન્ય સાહિત્યકારો સાથે દિવસો ગાળ્યાનું સંભારણું હજી અકબંધ છે.

પત્રકાર તરીકેની પણ એમની કારકિર્દી જાગૃત પત્રકાર અને ઠરેલ વ્યક્તિ તરીકેની હતી. નિયમિત રીતે એમણે સાપ્તાહિક ચલાવ્યું છે અને એણે એક ધોરણ પણ પૂરું પાડ્યું છે. પરમાત્મા એમના આત્માને ચીર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**- દલપત પઢિયાર**

ભરત કવિ જ્ઞાતિજન તો હતા જ, વિશેષરૂપે કવિજન અને સ્વજન પણ હતા. હું ભાષા નિયામક તરીકે ફરજરત હતો ત્યારે કવિ તરીકે એમનો પરિચય થયેલો. એ પછી તો અમારી વચ્ચે એવી મિત્રતા જામી કે અમારો સંબંધ સગા ભાઈઓ જેવો બની રહ્યો. મેં એમને એક ઉમદા અને ઉત્તમ, સહૃદયી, સેવાભાવી માનવી તરીકે જોયા ને અનુભવ્યા છે. તેઓ સાહિત્યના અત્યંત પ્રેમી હતા અને સાહિત્યની સેવા પણ એમણે ઉમ્રભર કરી છે. એમનાં પ્રકાશનો, સંપાદનો અને એમનું અખબાર પાટનગર પ્રકાશ અખબાર આ બાબતનું જીવંત પ્રમાણ રહ્યાં છે.

ભરત કવિના જવાથી સાહિત્યજગતને અને અંગત રીતે મને પણ 'પોતાના મનેખ'ની ખોટ પડી છે.

**- પ્રવીણ ગઢવી**

બે દાયકાથી વધારે સમયના જીવનસફરના સહૃદયી સાથી ભરતભાઈ સાચા આર્થમાં 'ઊર્મિલ' હતા. માત્ર સાહિત્યિક સંબંધ જ નહીં, અમારા પરિવાર સાથે પણ તેઓ સુમેળભાવે સંકળાયેલા હતા. પોતાનું રક્ત આપીને સેંકડોના જીવનદીપને જલતો રાખનાર ભરતભાઈ ચીરસ્મરણીય રહેશે. એમની અણધારી વિદાયથી ગાંધીનગરના જાહેર જીવનને અને સાહિત્ય જગતને પણ જબરી ખોટ પડી છે.

**- ભાનુભાઈ પુરાણી**

શ્રી ભરતભાઈ કવિ 'ઊર્મિલ' એટલે સાહિત્યના જીવ તો ખરા જ, પણ એક ઉમદા, સ્નેહાળ, સેવાભાવી માનવી. એવા જ મૂલ્યનિષ્ઠ પત્રકાર, ૧૨૦ વાર રક્તદાન કરનાર રક્તદાતા. એમના વ્યક્તિત્વનું મોટું સબળ પાસું તે એ કે એ સંબંધના, લાગણીના માણસ. પ્રવાસ પણ ખૂબ કરે, ઉંમર-તબિયતને અવગણીને પણ. કૈલાસયાત્રા પણ કરી આવેલા. મારા તો ખૂબ આત્મીય સ્નેહી. સારા-માઠા પ્રસંગે એમની હૂંફ સાથે હોય જ. નાની બહેન જેમ ગણે. અમારી આત્મન ફાઉન્ડેશનની પ્રવૃત્તિના સતત સાથી. બધા કાર્યક્રમમાં એ હાજર રહે. અગરિયા વિસ્તારની સેવા મુલાકાત વખતે ઘણી વાર એ સાથે આવેલા. ઉદાર અને મદદરૂપ પણ બને. એ સર્વના મિત્ર એવા સ્નેહાળ. એમના જવાથી મોટી ખોટ પડી છે, એમના આત્માની શાંતિ માટે પ્રભુને પ્રાર્થના.

**- પ્રજ્ઞાબેન પટેલ**

ભરતભાઈ કવિ એટલે પ્રેમાળ, સરળ, લાગણીશીલ ને સહૃદયી મિત્ર. સતત લોકોના સંપર્કમાં રહે ને સૌને સંપર્કમાં રાખે, નજીક રાખે એવા વ્યક્તિ. આવા સારા વ્યક્તિને ભગવાન ખોટી લઈ ગયા. અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા અને સૌને સાથે રાખીને એ કામ કરતા. અમારા તો એ વિશેષતઃ કુટુંબના સભ્ય જેવા. એમના જવાથી ન માત્ર ગાંધીનગરને પરંતુ અમારા પરિવારનેય બહુ મોટી ખોટ પડી છે.

**- રમેશભાઈ પટેલ**

ભરતભાઈ મજાના માણસ. ગાંધીનગર સાહિત્ય સભામાં એમની સાથે કાર્ય કરવું યાદગાર રહ્યું. બીજાને સમજવાની એમની શક્તિ કાબિલે તારીફ અને બધાંને રિસ્પેક્ટ આપે એવા વિનમ્ર, સરળ ને સરસ માણસ. સાહિત્ય સભાની પ્રવૃત્તિઓ એમના સમયગાળા દરમિયાન ખૂબ ફુલીફાલી અને એમના પ્રમુખપણા નીચે સાહિત્ય સભા સારી એવી પ્રસિદ્ધિ પણ પામી, એ એમની સંચાલનશક્તિની સફળતા. આત્મન ફાઉન્ડેશનના એ આત્મીય વ્યક્તિ અને ગાંધીનગરના પોતાના માણસ. મારા મતે ભરતભાઈ કવિ એટલે સૌને ગમતા માણસ.

**- હસમુખ મેકવાન**

ભરતભાઈ નથી એ માનવું મુશ્કેલ છે. નથી છતાં છે, છે છતાં નથી. ઊર્મિલનું ગાંધીનગરમાં હોવું એ એક સધિયારો હતો સૌ સર્જકો માટે ને સહૃદયો માટે ! એમની સાહિત્ય માટેની નિસબત વસ્તુતઃ મનુષ્ય મનુષ્ય માટેની નિસબતમાંથી પેદા થઈ હતી. સાહિત્યમાંથી એમને સાહિત્ય સંવેદના પૂરું પાડતું તો પત્રકારત્વ એમને વ્યાપક બનાવતું. અવાજના જાદુગર, નખશિખ અભિજાત્યના માલિક અને માણસભૂખ્યા માણસ ભરતભાઈ 'ઊર્મિલ' તમે ભૂલ્યા ભુલાવાના નથી !

**- કલ્પેશ પટેલ**

મારી પ્રગતિમાં પરિવાર કરતાં પણ વધુ ખુશી વ્યક્ત કરનાર મારા વડીલ મિત્ર શ્રી ભરતભાઈ કવિની ન પુરાય એવી ખોટ પડી છે. ગાંધીનગર સાહિત્યસભામાં મને સક્રિય કરનાર અને મંત્રીપદ સોંપવા માટે હું જીવનભર એમનો ઋણી રહીશ.

**- સંજય થોરાત**

## ભરત કવિ લિખિત-સંપાદિત પુસ્તકો

